**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**ગુજરાત ઉચ્ચ અદાલત, અમદાવાદ**

**ક્રિમીનલ રિવીઝન એપ્લીકેશન**

**(તાબાની અદાલત દ્વારા પસાર કરાયેલા હુકમ વિરુદ્ધ) નં.૬૩/૨૦૧૫**

**મંજૂરી અને હસ્તાક્ષર માટે:**

**માનનીય શ્રી ન્યાયમૂર્તિ શ્રી એન.વી. અંજારિયા**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાવારપત્રોના રિપોર્ટર્સને ચુકાદો જોવાની પરવાનગી આપવામાં આવે છે? | હા |
| ૨. | રિપોર્ટર્સને સંદર્ભિત કરવાં કે નહિ? | હા |

| | | |
|---|---|---|
| ૩. | શું ન્યાયમૂર્તિ ચુકાદાની આખરી નકલ જોવાં ઇચ્છે છે? | ના |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન કે તેનાં હેઠળ કરવામાં આવેલ કોઇ હુકમ સબબ કોઇ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રશ્ન સમાવિષ્ટ છે? | ના |

==================================================

ચંદ્ર શેખર દાસ તે શંકર પ્રસાદ દાસના પુત્ર....અરજદાર(ઓ)

વિરુદ્ધ

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન અને ૧....સામાવાળા(ઓ)

==================================================

ઉપસ્થિતિ:

અરજદાર(ઓ) ક્રમાંક ૧ તરફથી વકીલ શ્રી રાજેશ એમ. અગ્રવાલ, સામાવાળા(ઓ) ક્રમાંક ૧ તરફથી શ્રી વકીલ આર.સી. કોડેકર, સામાવાળા(ઓ) ક્રમાંક ૨ તરફથી શ્રી વિદ્વાન એપીપી કે.પી. રાવલ,

==================================================

**કોરમ: માનનીય ન્યાયમુર્તિ શ્રી એન.વી. અંજારિયા**

**તારીખ : ૨૭/૦૩/૨૦૧૫**

## સી.એ.વી. ચુકાદો

આ રિવીઝન એપ્લીકેશન તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ વિદ્વાન વિશેષ ન્યાયાધીશ, સી.બી.આઈ. અદાલત ક્રમાંક ૩, મિર્ઝાપુર, અમદાવાદ, દ્વારા પસાર કરાયેલા હુકમ વિરુદ્ધ કરવામાં આવી છે, જેના દ્વારા વિદ્વાન ન્યાયાધીશે અરજદારની ધ્વનિમુદ્રિત કેસેટ્સ સ્વરૂપે રહેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવા બાબતની આંક ૫૬ અરજી નામંજૂર કરી હતી.

૨. આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૭ સાથે કલમ ૧૩(૨) તથા કલમ ૧૩(૧)(ડી) હેઠળના ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. જણાય છે કે આરોપી વિરુદ્ધ ઉક્ત ગુનાઓના આચરણ સાથે સંબંધિત આક્ષેપો, અન્ય બાબતો ઉપરાંત, એવા છે કે તેણે ૧૪મી જુલાઈ, ૨૦૦૫ના રોજ ફરિયાદી પાસેથી રૂપિયા ૧૫,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચ માંગી હતી અને તે જ રકમ ૧૮મી જુલાઈ, ૨૦૦૫ના રોજ નવી દિલ્હીમાં આવેલ એક સ્થળે સ્વીકારી હતી, જે ફરિયાદીની ટ્રસ્ટ એટલે કે અંધજન શિક્ષણ મંડળને

નવી દિલ્હીની બીજી એક ટ્રસ્ટ સાથે નોંધણી કરવા માટે હતી. અરજદાર–આરોપી વિરુદ્ધ સ્પેશ્યલ કેસ ક્રમાંક ૨૭/૨૦૦૫ નોંધાયો હતો અને પડતર છે.

૩. ઉપરોક્ત ક્રિમિનલ કેસની કાર્યવાહીમાં, અરજદાર–આરોપીએ લાંચની માંગણીના ગુનાના આચરણ દરમિયાન આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલી વાતચીત ધ્વનિમુદ્રિત થયેલી ઓડિયો કેસેટ્સની નકલો પૂરી પાડવા માટે અરજી કરી હતી. અરજદાર–આરોપીએ જેમની પુરવઠાની માંગણી કરી હતી તે કેસેટ્સ નામે દસ્તાવેજો આંક ૨૫ ના ક્રમાંક નં. ૪, ૫ અને ૬ પર ઉલ્લેખિત દસ્તાવેજો હતા, અને આંક ૨૫ એ ફરિયાદ પક્ષ દ્વારા ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨ ના રોજ અદાલત સમક્ષ રજૂ કરાયેલા દસ્તાવેજો અને મુદ્દામાલની ફોટોકૉપીઓ હતી. ઉક્ત મુદ્દા નં. ૪, ૫ અને ૬ નું વર્ણન આ પ્રમાણે હતું: (૧) સોની–૬૦ બનાવટની એ–૧ તરીકે ચિહ્નિત એક ઓડિયો કેસેટ, જેમાં ૧૪મી જુલાઈ, ૨૦૦૫ ના રોજ ફરિયાદી શ્રી જીતેન્દ્ર દાલિયા અને શ્રી ચંદ્ર શેખર વચ્ચે થયેલી વાતચીત સમાવિષ્ટ હતી, અને જે સીએફએસએલ–૨૦૦૫/પી–૦૬૫૩ (એમએસ નં. ૨૪૮/૦૫, મુદ્દો નં. ૦૧) તરીકે ચિહ્નિત હતી, (૨) સોની–૬૦ બનાવટની સી–૧ તરીકે ચિહ્નિત એક ઓડિયો કેસેટ, જેમાં ૧૮મી જુલાઈ, ૨૦૦૫ ના રોજ ફરિયાદી શ્રી જેટીન્દ્ર દાલિયા અને શ્રી ચંદ્ર શેખર વચ્ચે થયેલી વાતચીત સમાવિષ્ટ હતી, અને જે સીએફએસએલ–૨૦૦૫/પી–૦૬૫૩ (એમએસ નં. ૨૫૭/૦૫, મુદ્દો નં. ૦૧) તરીકે ચિહ્નિત હતી, અને (૩)

સોની–માઇક્રો કેસેટ એમસી–૬૦ બનાવટની સ્પેસિમેન વોઇસ–૧ તરીકે ચિહ્નિત એક માઇક્રો ઓડિયો કેસેટ, જેમાં શ્રી ચંદ્ર શેખરનો નમૂનારૂપ અવાજ સમાવિષ્ટ હતો, અને જે સીએફએસએલ–૨૦૦૫/પી–૦૬૫૩ (એમએસ નં. ૨૬૭/૦૫, મુદ્દો નં. ૦૧) તરીકે ચિહ્નિત હતી.

૩.૧ આરોપી વિરુદ્ધ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ દાખલ કરવામાં આવેલા ચાર્જશીટમાં, જણાવેલ ઑડિયો કેસેટોમાં રેકોર્ડ થયેલ વાતચીતના પ્રતિલેખનો સંબંધિત ભાગ સમાવવામાં આવ્યો હતો. તે જ ભાગ ચાર્જશીટ સાથેના અન્ય પોલીસ કાગળો અને દસ્તાવેજો સાથે આરોપીને અગાઉથી જ પૂરો પાડવામાં આવ્યો હતો. અરજદાર–આરોપીએ તે જ ઑડિયો કેસેટોની નકલો માંગી હતી, જ્યારે અરજદારને તે જ ઑડિયો કેસેટો પૂરી પાડવામાં આવી હતી.

૩.૨ આ તબક્કે એવું દર્શાવવું યોગ્ય રહેશે કે સુનાવણી દરમિયાન અદાલતે સી.બી.આઈ. તરફથી હાજર વિદ્વાન વકીલને ચાર્જશીટ, સંબંધિત અરજીઓ તથા તે અંગે અદાલતે પસાર કરેલા આદેશો સહિત સંબંધિત દસ્તાવેજોની નકલો રજૂ કરવા વિનંતી કરી હતી. ચાર્જશીટના સંકલનની નકલો, પંચનામા વગેરેના અન્ય સંબંધિત દસ્તાવેજો તેમજ અરજીઓની નકલો અને તે અંગે પસાર કરાયેલા આદેશોની નકલો અદાલતના અભ્યાસ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

૩.૩ કાર્યવાહીના તથ્યો પ્રાસંગિક રીતે નોંધવા યોગ્ય છે. તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ દાખલ કરવામાં આવ્યું હતું અને આરોપી વિરુદ્ધ અદાલતે ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ આરોપ ઘડ્યો હતો. અરજદાર–આરોપી વિરુદ્ધ ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ આંક ૧૩ પર આરોપ ઘડવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરીયાદપક્ષના સાક્ષી ૧ (આંક ૨૯) ના પુરાવાનું લેખાંકન શરૂ થયું અને તે ૩૦મી જુલાઈ, ૨૦૧૨ના રોજ નોંધવામાં આવ્યું હતું.

૩.૪ તે પછી વિવિધ અરજીઓ દાખલ થવાની ઘટનાઓ સંબંધિત છે. ૦૩, ઑક્ટોબર, ૨૦૧૨ના રોજ, અરજદાર–આરોપીએ એક અરજી (આંક ૩૮) દાખલ કરીને એવી અરજ કરી હતી કે ફરિયાદ પક્ષને ઑડિયો કૅસેટોની નકલો પૂરી પાડવાનો નિર્દેશ કરવામાં આવે, એમ દલીલ કરતાં કે ફરિયાદ પક્ષે ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલી કથિત વાતચીતની નકલ પૂરી પાડી નહોતી અને વધુમાં એમ પણ દલીલ કરવામાં આવ્યું હતું કે જ્યારે ફરિયાદ પક્ષ તે જ પર આધાર રાખતું હતું, ત્યારે તે વાતચીતનું ધ્વનિમુદ્રણ ધરાવતી ઑડિયો કૅસેટો ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૦૭ સાથે કલમ ૧૭૩(૫) હેઠળ પૂરી પાડવી જોઈતી હતી.

૪. વિદ્વાન વકીલ શ્રી આર.એમ. અગ્રવાલે રજૂઆત કરી કે અરજદાર–આરોપી ફરિયાદ પક્ષ દ્વારા આધારરૂપ બનાવવામાં આવેલી કેસેટોની ચોક્કસ નકલો મેળવવા હકદાર છે. રજૂઆત કરવામાં આવી કે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૭ અને કલમ ૧૭૩(૫) હેઠળ કરવામાં આવેલી અરજી માનનીય ન્યાયાધીશ દ્વારા મંજૂર થવી જોઈતી હતી. વધુમાં રજૂઆત કરવામાં આવી કે આરોપી ચાર્જશીટનો ભાગ બનતા તમામ પોલીસ કાગળો તથા ફરિયાદ પક્ષ દ્વારા આધારિત સામગ્રી મેળવવા હકદાર છે. એમ પણ રજૂ કરવામાં આવ્યું કે આરોપીનો આ હક નિષ્પક્ષ વિચારણાનો અભિન્ન ભાગ છે અને આ કેસના તથ્યોમાં નિષ્પક્ષ વિચારણાનો સિદ્ધાંત ભંગ પામ્યો છે. વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી કે અરજદાર–આરોપીએ જેમની નકલો માંગી હતી તેવી કેસેટોને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા કોમ્પેક્ટ ડિસ્ક (સી.ડી.) સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, તેમ છતાં અરજદાર તરફથી વિદ્વાન વકીલની રજૂઆત એવી હતી કે આ પ્રક્રિયામાં છેડછાડ થઈ હોવાની શક્યતા હતી; વિદ્વાન વકીલે ખાસ ભાર મૂક્યો કે આરોપીને માત્ર ઓડિયો કેસેટો જ પૂરી પાડવી જોઈતી હતી, કેસેટોમાંથી પ્રાપ્ત કરવામાં આવેલી કોમ્પેક્ટ ડિસ્ક નહીં. વિદ્વાન વકીલે વધુમાં એવી આશંકા વ્યક્ત કરી કે આરોપીનો અવાજ પરીક્ષણ કરવામાં આવ્યો હતો કે નહીં તે નિશ્ચિત નથી, અને તેથી પણ ફરિયાદ પક્ષે ઓડિયો કેસેટો પૂરી પાડવી જોઈએ હતી. રજૂઆત કરવામાં આવી કે ઓડિયો કેસેટો ન પૂરી પાડવી એ

કાર્યવાહી બગાડનાર બાબત હતી અને નિષ્પક્ષ વિચારણાના ધોરણો વિરુદ્ધ હતી.

૪.૧ અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૯૭૨ ની કલમ ૩ માં આપેલી દસ્તાવેજની વ્યાખ્યાનો પણ આધાર લીધો અને રજૂઆત કરી કે તેમાં ઑડિયો કેસેટ્સનો પણ સમાવેશ થાય છે. તેમણે તુકારામ દિઘોળે વિ. મણિકરાવ શિવાજી કોકાટે [(૨૦૧૦) ૪ એસ.સી.સી. ૩૨૯] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર, વિશેષ કરીને તેના પરિછેદ ૨૦ પર, આધાર મૂક્યો, જેમાં એવું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું કે ભાષણોના ટેપ રેકોર્ડ્સ પુરાવા અધિનિયમની કલમ ૩ હેઠળ વ્યાખ્યાયિત "દસ્તાવેજો" છે અને તે બાબતમાં કોઈ બેમત નથી. આ બાબતે કોઈ વિવાદ નથી કે ઑડિયો કેસેટ્સ પુરાવા અધિનિયમ હેઠળ દસ્તાવેજના પરિઘમાં આવે છે અને નીચલી અદાલતમાં ઉપયોગ માટેના અન્ય કોઈપણ દસ્તાવેજની જેમ તેમનો વ્યવહાર થઈ શકે છે અને તેઓને પુરાવા તરીકે સાબિતી માટે આધીન રાખી શકાય છે.

૪.૨ અરજદાર તરફથી વિદ્વાન વકીલે પોતાની રજૂઆતોના સમર્થનમાં નીચેના નિર્ણયો પર આધાર મૂક્યો હતો–(૧) યુસુફઅલી ઇસ્માઇલ નાગરી વિ. ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [એ.આઈ.આર. ૧૯૬૮ એસ.સી. ૧૪૭(૧)]; (૨) રામ સિંહ

વિ. કર્નલ રામ સિંહ [એ.આઈ.આર. ૧૯૮૬ એસ.સી. ૩(૧)]; (૩) સ્ટેટ ઓફ ગુજરાત વિ. કાલિદાસ નાનજીભાઈ પરમાર [૧૯૮૦ જી.એલ.આર. ૫૩૩]; (૪) મંજીત સિંહ ખેરા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [૨૦૧૩ (૯) એસ.સી.સી. ૨૭૬]; (૫) સ્મ્ટી. જોગિન્દર કૌર વિ. સુરજીત સિંહ [એ.આઈ.આર. ૧૯૮૫ પંજાબ એન્ડ હરિયાણા ૧૨૮]; (૬) કે. એસ. મોહન વિ. સંધ્યા મોહન [એ.આઈ.આર. ૧૯૯૩ મદ્રાસ ૫૯]; (૭) તુકારામ એસ. દિઘોલે વિ. માણિકરાવ શિવાજી કોકાટે [૨૦૧૦ (૪) એસ.સી.સી. ૩૨૯] અને (૮) જાહિદ શેખ અને અન્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત [૨૦૦૧ (૭) એસ.સી.સી. ૭૬૨]. ત્યારબાદ તેમણે નતાશા સિંગ વિ. સી.બી.આઈ. (સ્ટેટ) [૨૦૧૩ એસ.એ.આર. (ક્રિ.) ૬૨૯] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણયનો, વિશેષ કરીને તેના પરિચ્છેદ ૧૫નો, આ બાબત પર ભાર મૂકવા માટે આધાર લીધો કે ન્યાયસંગત વિચારણા ફોજદારી પ્રક્રિયાનું મુખ્ય લક્ષ્ય છે અને આવી ન્યાયસંગતતા કોઈપણ રીતે અવરોધિત કે સંકટગ્રસ્ત ન થાય તેની ખાતરી કરવી અદાલતનું કર્તવ્ય છે અને આરોપીના હિતો, જેમાં તેને ન્યાયસંગત અને યોગ્ય અવસરો આપવાનો સમાવેશ થાય છે, તેનું સંરક્ષણ થવું જોઈએ, જે તેના બંધારણીય અને માનવ અધિકારો છે.

૪.૩ બીજી તરફ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન તરફથી વિદ્વાન વકીલ શ્રી આર.સી. કોડેકરે હુકમને સમર્થન આપ્યું. તેમણે રજૂ કર્યું કે નીચલી અદાલતમાં

કાર્યવાહી તે તબક્કે પહોંચી ગઈ હતી જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષીના પુરાવાનો પ્રારંભ થયો હતો, અને તે જ સમયે આરોપીએ દસ્તાવેજો–કેસેટોની પુરવઠા માટે અરજી કરી હતી. તેમણે રજૂ કર્યું કે જે વસ્તુઓ, એટલે કે કેસેટો, તેમની નકલો માંગવામાં આવી હતી, તે સમયે આંક યાદી (આંક ૨૫) સાથે રજૂ કરાયેલ મુદામાલ વસ્તુઓ તરીકે અદાલતમાં જમા પડેલી હતી. કેસેટોમાંથી થયેલી વાતચીતના ઉતારાનો સંબંધિત ભાગ, જે ચાર્જશીટનો ભાગ બને છે, તે ચાર્જશીટ સાથે જોડાયેલા તમામ કાગળો સાથે અરજદારને અગાઉથી જ આપવામાં આવ્યો હતો. તેમણે રજૂ કર્યું કે તે પછી ઘણો સમય વીતી ગયા બાદ અરજી (આંક ૫૬) કરવામાં આવી હતી. તેમણે રજૂ કર્યું કે ફરિયાદ પક્ષના પુરાવાનો પ્રારંભ થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન કોઈ ફરિયાદ કરવામાં આવી નહોતી. એવું રજૂ કરવામાં આવ્યું કે અરજી (આંક ૫૬) પાછળથી વિચારેલી હતી અને તે પણ અરજદારને કેસેટોમાંથી નિયમસર પ્રાપ્ત કરાયેલ કોમ્પેક્ટ ડિસ્ક પૂરી પાડ્યા બાદ કરવામાં આવી હતી. વિદ્વાન વકીલે રજૂ કર્યું કે આ વિનંતી મંજૂર કરવાની પાત્ર નહોતી અને અરજદારે કરેલી અરજી માત્ર સમય પસાર કરવા માટે તથા ખાતરપૂર્તિરૂપે કરવામાં આવી હોય તેમ જણાતી હતી. તેમણે રજૂ કર્યું કે કેસેટોની નકલો સહિતના બધા કાગળો અરજદાર–આરોપીને પૂરા પાડવામાં આવ્યા હતા.

૫. સુનાવણી દરમિયાન અદાલતે એક હુકમ પસાર કરી કેન્દ્રિય તપાસ બ્યુરો તરફથી હાજર વિદ્વાન વકીલને ચાર્જશીટના સંબંધિત દસ્તાવેજો તથા કાર્યવાહી

દરમ્યાન દાખલ થયેલી અરજીઓ મંગાવી અદાલત સમક્ષ ઉપલબ્ધ કરાવવા ફરજ પાડી હતી. ત્યારબાદ સમગ્ર ચાર્જશીટની તેની તમામ સંલગ્નકોથી સાથેની નકલ તેમજ આંક ૨૪, ૨૫, ૩૮, ૪૧, ૪૯, ૫૬ તરીકેની અરજીઓની નકલો અને તે અંગે પસાર થયેલા સંબંધિત આદેશો અદાલતની મૂલવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

૫.૧ અરજદારનો આ દાવો તપાસવા આગળ વધતાં કે તેને વાદગ્રસ્ત દસ્તાવેજોની નકલો પુરી પાડવાનો હક નકારવામાં આવ્યો હતો અને તેથી તેની સામેની ફોજદારી કાર્યવાહી દરમિયાન ન્યાયસંગતતાના ધોરણોનું ઉલ્લંઘન થયું હતું, હકીકતો ધ્યાનમાં લેવાતાં રજૂ કરાયેલ આ સમગ્ર દાવાની રચના જ ધરાશાયી થાય છે. જણાય છે કે આંક ૫૬ની અરજી એક રીતે પુનરાવર્તિત અરજી હતી. ફરિયાદ પક્ષના સાક્ષી (આંક ૨૯)ની જુબાની શરૂ થયા પછી અને તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૨ના રોજ નોંધાયા બાદ, આરોપીએ તા. ૦૩મી ઑક્ટોબર, ૨૦૧૨ના રોજ આંક ૩૮ની અરજી દાખલ કરી હતી, જેમાં અન્ય બાબતો સાથે એમ રજૂ કર્યું હતું કે ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલી કથિત વાતચીત, જે ફરિયાદ પક્ષે એ/૧, સી/૧ અને માઈક્રો સોની એમસી ૬૦ તરીકે ચિહ્નિત કરેલી ઑડિયો કેસેટોમાં રજૂ કરી હતી, તેની નકલ ફરિયાદ પક્ષે પૂરી પાડી નહોતી અને તે દસ્તાવેજો હોવાથી સંહિતાની કલમ ૨૦૭ સાથે વંચાતી કલમ ૧૭૩(૫) હેઠળ તેની નકલો પૂરી પાડવી આવશ્યક હતી. તેથી ફરિયાદ પક્ષને ઉપરોક્ત ઑડિયો

કેસેટોની નકલો પૂરી પાડવા માટે દિશા આપવાની માંગ કરવામાં આવી હતી. એવું જણાય છે કે આરોપી દ્વારા કરવામાં આવેલી ઉપરોક્ત વિનંતિને ધ્યાનમાં રાખીને સી.બી.આઈ.એ તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ અદાલત સમક્ષ ફૉરેન્સિક સાયન્સ પ્રયોગશાળા મારફતે તે ઑડિયો કેસેટોની નકલ તૈયાર કરાવવા પરવાનગી માગતી એક પુરશિસ/વિનંતી અરજી (આંક ૪૧) રજૂ કરી હતી. અદાલતે જે હુકમ કર્યો તે નીચે મુજબ છે—"નાઝરને હુકમ આપવામાં આવે છે કે આર્ટિકલ નં. ૪ ઑડિયો કેસેટ એ/૧, આર્ટિકલ નં. ૫ (સી/૧) અને આર્ટિકલ નં. ૬ (માઇક્રો સોની એમસી ૬૦) ની નકલો એફ.એસ.એલ., ગાંધીનગર પાસેથી તૈયાર કરાવવા માટે સી.બી.આઈ.ના કર્મચારીઓને પરત આપવી." ઑડિયો કેસેટો સીલબંધ સ્થિતિમાં પ્રાપ્ત થયેલી હતી અને તે અનુસાર તે નાઝરની કસ્ટડીમાં હતી, જેને ઉપર મુજબ સીલબંધ સ્થિતિમાં જ પરત કરવામાં આવી હતી.

૫.૨ જ્યારે અદાલતને ઓડિયો કેસેટો પ્રાપ્ત થઈ ત્યારે તે સીલબંધ હાલતમાં હતી, તે હકીકત ઉપરોક્ત મુજબ ઉપલબ્ધ કરાવવામાં આવેલા સંબંધિત દસ્તાવેજોમાંથી પુષ્ટિ પામે છે. ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરી પાસેથી કેસેટોને કોમ્પેક્ટ ડિસ્ક સ્વરૂપમાં રૂપાંતરિત કરાવવામાં આવી હતી અને આંક ૪૯ની અરજી મુજબ તારીખ ૦૨.૦૮.૨૧૦૩ના રોજ ફરીથી અદાલતમાં જમા કરાવવામાં આવી હતી. નાઝર દ્વારા લખાણમાં નોંધાયેલ અહેવાલમાં એવું દર્શાવવામાં આવ્યું

હતું કે તે જ વસ્તુ સીલબંધ કવરમાં પ્રાપ્ત થઈ હતી. ઓડિયો કેસેટોની નકલો કોમ્પેક્ટ ડિસ્કમાં રૂપાંતરિત કરાવવામાં આવી હતી અને ત્યારબાદ સી.ડી. સ્વરૂપમાં આવેલી ઉક્ત નકલો અરજદાર–આરોપીને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેને આંક ૪૯ પર તારીખ ૦૨મી ઑગસ્ટ, ૨૦૧૩ના કરવામાં આવેલી નોંધ મુજબ સ્વીકારવામાં આવી હતી.

૫.૩ અરજદાર તરફથી ૦૨મી ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ પ્રાપ્ત થયા બાદ, આંક ૫૬ મુજબની અરજી ૧૪મી ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ કરવામાં આવી હતી, જેમાં અગાઉની અરજી (આંક ૩૮) માં કરાયેલ અરજનું પુનરાવર્તન કરીને ઉપર મુજબ સ્વીકારવામાં આવેલ તે મુદામાલ વસ્તુઓ–કેસેટ્સના ક્રમાંક ૪, ૫ અને ૬ની નકલો માંગવામાં આવી હતી. એવું કહી શકાય તેમ નહોતું કે ઑડિયો કેસેટ્સની સામગ્રીરૂપ સમગ્ર દસ્તાવેજ આરોપીને પૂરો પાડવામાં આવ્યો નહોતો. આરોપીને ચાર્જશીટ સાથે પ્રતિલિપિ આપવામાં આવી હતી અને ત્યારબાદ ઉપર મુજબ સ્વીકાર્ય સ્વરૂપમાં ઑડિયો કેસેટ્સની સંપૂર્ણ સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવી હતી. દસ્તાવેજો તથા તેના સંબંધિત ભાગ પ્રાપ્ત ન થવાને કારણે અરજદારના કોઈ અધિકારનો ભંગ કેવી રીતે થયો એવો નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ છે.

૬. અરજદાર તરફના વિદ્ધાના વકીલે પોતાની દલીલો દરમિયાન આગળ જણાવ્યું કે કેસેટ્સ સાથે કદાચ ચેડાં કરવામાં આવ્યા હોઈ શકે અને તેથી સીડી નહીં પરંતુ કેસેટ્સ પોતે જ પૂરી પાડવામાં આવવી જોઈતી હતીી; અન્યથા આરોપી સાથે ન્યાયસંગત રીતે વર્તવાનો હક્ક નિષ્ફળ જશે. આ રજૂઆત સંપૂર્ણપણે આધારવિહોણી અને સર્વથા ભ્રામક છે. વધુમાં, એ પણ જોવામાં આવે છે કે તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશને કેન્દ્રીય ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાના નિયામકને એક પત્ર લખી પ્રશ્નાવલી મોકલી હતી અને ઉપરોક્ત વસ્તુઓરૂપે સીલબંધ ઑડિયો કેસેટ્સ, તેમજ તા. ૧૪મી જુલાઈ, ૨૦૦૫ અને ૩૧મી ઑગસ્ટ, ૨૦૦૫ના પ્રતિલિપિ નોંધપત્રો, જેમાં અનુક્રમે ૧૩ અને ૩ પાનાં હતાં અને જેમાં કેસેટ્સમાં સમાવેશ થયેલ રેકોર્ડિંગ્સનો સમાવેશ થતો હતો, તે પણ મોકલવામાં આવ્યા હતા. એફ.એસ.એલ.ને વિનંતી કરવામાં આવી હતી કે અવાજનો વિચાર કરી અભિપ્રાય મોકલવામાં આવે. ઉપરોક્ત સામગ્રી સીલબંધીત હતી અને સીલ કરવા માટે ઉપયોગમાં લેવાયેલ પિત્તળની સીલની છાપ પણ સાથે મોકલવામાં આવી હતી. આ રીતે વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ પ્રશ્નાવલી સાથે એફ.એસ.એલ.ને મોકલવામાં આવી હતી અને તે સીલબંધ હાલતમાં હતી.

૬.૧ જ્યારે દસ્તાવેજો–આર્ટિકલ ક્રમાંક ૪, ૫ અને ૬ તથા આંક ૨૫ પરની મુદ્દામાલની યાદી સીલબંધ હાલતમાં અદાલતમાં જમા કરાવવા માટે પ્રાપ્ત થયા

હતા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજના નાઝરના લેખિત અહેવાલમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે સંબંધિત આર્ટિકલ્સ, જેમાં ક્રમાંક ૪, ૫ અને ૬નો સમાવેશ થાય છે, સીલબંધ હાલતમાં હતા. સીલબંધ આર્ટિકલ્સ એફ.એસ.એલ.ને મોકલવામાં આવ્યા હતા અને જ્યારે તેઓ એફ.એસ.એલ. પાસેથી ફરી જમા કરાવવા માટે પરત પ્રાપ્ત થયા, ત્યારે તેઓ પણ સીલબંધ હાલતમાં જ હતા, જેમ કે ઉપરોક્ત ૦૨મી ઑગસ્ટ, ૨૦૧૩ના નાઝર અહેવાલમાં પ્રતિબિંબિત થાય છે. લગાવવામાં આવેલા સીલ્સ બાબતની તથ્યાત્મક વિગતો, તે સંબંધિત પત્રો અને પંચનામામાંથી પણ જોવામાં આવી શકે છે, જે ઉપલબ્ધ કરાવવામાં આવેલા દસ્તાવેજોના ભાગરૂપે છે.

૬.૨ અરજદાર માટેના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલ બીજી એક રજૂઆત, જે તથ્યોના આધારે પણ ભ્રમિત હતી, એવી હતી કે અરજદાર–આરોપીનો નમૂનારૂપ અવાજ પરીક્ષણ લેવામાં આવ્યું નહોતું. ફરિયાદ પક્ષ દ્વારા આંક ૨૪ મુજબ ચાર્જશીટ સાથે રજૂ કરાયેલા દસ્તાવેજોમાં ક્રમાંક નં. ૧૨ પર આરોપીના નમૂનારૂપ અવાજ લેવાની બાબત સંબંધિત તા. ૨૨મી જુલાઈ, ૨૦૦૫નું પંચનામું દર્શાવાયેલ હતું. ઉપલબ્ધ કરાયેલા દસ્તાવેજોમાંથી જોતા, ઉક્ત પંચનામામાં અન્ય બાબતો સાથે આ નોંધાયેલ હતું કે નવા સીલબંધ માઇક્રો ઑડિયો કૅસેટ્સની વ્યવસ્થા કરવામાં આવી, તે ખોલવામાં આવ્યા અને બન્ને બાજુએ પરીક્ષણ કરવામાં આવ્યું અને તે ખાલી હોવાનું જણાયું. બન્ને સાક્ષીઓના

અવાજો રેકોર્ડ કરવામાં આવ્યા અને આરોપીએ પોતાનું પરિચય આપ્યું તેમજ તેને આપવામાં આવેલ લખાણ વાચી બતાવ્યું. તેવી જ રીતે સાક્ષીઓના અવાજો પણ રેકોર્ડ કરવામાં આવ્યા. તેથી, તપાસ એજન્સી દ્વારા નમૂનારૂપ અવાજ લેવામાં આવ્યો હતો.

૬.૩ ઉપરોક્તમાંથી સ્પષ્ટપણે દર્શાવાયું હતું કે ન્યાયવિજ્ઞાન પ્રયોગશાળા દ્વારા કોમ્પેક્ટ ડિસ્ક સ્વરૂપે પ્રાપ્ત કરાયેલ ઓડિયો કેસેટોની સંપૂર્ણ સામગ્રી આરોપીને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તેના પ્રતિલેખનો સંબંધિત ભાગ ચાર્જશીટ સાથે પોલીસ દસ્તાવેજોનો ભાગ હતો અને ઉક્ત પ્રતિલેખ ચાર્જશીટના દસ્તાવેજો સાથે આરોપીને અગાઉથી જ પૂરો પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ, ઉપર મુજબ, તેમનું સમગ્ર પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. ઓડિયો કેસેટોને કોમ્પેક્ટ ડિસ્ક સ્વરૂપમાં રૂપાંતર કરવા માટે મોકલવાની કાર્યવાહી સંપૂર્ણપણે ન્યાયસંગત હતી, કારણ કે સી.ડી. સ્વરૂપમાં દસ્તાવેજનું સંરક્ષણ થઈ શકે અને નીચલી અદાલતમાં વિચારણામાં સમય લાગી શકે, તેમજ કેસેટો અને તેમાં રહેલી અવાજ–સામગ્રીમાં ઘસારો અથવા નુકસાન થવાની શક્યતા રહેલી હતી. અદાલતને આ પ્રક્રિયામાં કોઈ અનિયમિતતા દેખાતી નથી; વિપરીત રીતે, દસ્તાવેજ એટલે કે કેસેટોનું સંરક્ષણ કરવા તથા તેના નુકસાન અને ક્ષીણતા દૂર રાખવા માટે તે સંપૂર્ણપણે ન્યાયસંગત હતી. ઉપરોક્ત મુદ્દાઓ અંગે અરજદારનો કેસ અને દલીલ નામંજૂર કરવી રહી.

૭. માનનીય ન્યાયાધીશ, સી.બી.આઈ. અદાલતે, પડકારાયેલા હુકમમાં યોગ્ય રીતે નોંધ્યું અને નીચે મુજબ નિષ્કર્ષ આપ્યો હતો, જેનો અંશ અહીં નીચે રજૂ કરવામાં આવે છે.

"હાલના કેસમાં, કેસના રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે ૨૭-૧૨-૨૦૦૫ના રોજ આરોપીને આપવામાં આવેલ ચાર્જશીટની નકલ સાથે જ ઉતાર-નોંધની એક નકલ અગાઉથી જ પૂરી પાડવામાં આવી હતી અને ત્યારબાદ મુદામાલ વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ ફરિયાદ પક્ષ દ્વારા અદાલત સમક્ષ સીલબંધ હાલતમાં રજૂ કરવામાં આવી હતી. વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ એ ઑડિયો કેસેટ્સ છે અને રેકોર્ડિંગ કર્યા પછી સાક્ષીઓની હાજરીમાં સીલબંધી કરીને ટ્રેપ કાર્યવાહીના દરમિયાન ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલી વાતચીત અંગે અભિપ્રાય મેળવવા માટે, નવી દિલ્હી સ્થિત સી.એફ.એસ.એલ.ના નિયામકને મોકલવામાં આવી હતી અને ત્યારબાદ તે નવી દિલ્હી સ્થિત સી.એફ.એસ.એલ. પાસેથી સીલબંધ હાલતમાં પ્રાપ્ત થઈ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સીલબંધ વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ સી.બી.આઈ.ના કર્મચારીઓને સોંપવામાં આવી હતી અને ઑડિયો કેસેટ્સની નકલો તૈયાર કરવા માટે તેને સીલબંધ હાલતમાં ગાંધીનગર સ્થિત ડી.એફ.એસ.ને

મોકલવામાં આવી હતી અને ત્યારબાદ તે સીલબંધ હાલતમાં આ અદાલતમાં પરત મોકલવામાં આવી હતી. તપાસ અધિકારી દ્વારા ઑડિયો કેસેટ્સની નકલો તૈયાર કરી શકાતી નહોતી, કારણ કે તે તરત જ સીલબંધી કરીને નવી દિલ્હી સ્થિત સી.એફ.એસ.એલ.ને મોકલી દેવામાં આવી હતી અને તેથી ચાર્જશીટની નકલો સાથે તેની નકલો પૂરી પાડવામાં આવી નહોતી અને ફક્ત મારા પૂર્વવર્તી દ્વારા આંક ૩૮ પર પસાર કરાયેલા હુકમના અનુસંધાને જ વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ની નકલો ગાંધીનગર સ્થિત ડી.એફ.એસ. દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આરોપીને ગાંધીનગર સ્થિત ડી.એફ.એસ. દ્વારા સીલબંધી કરેલી તેની સીલબંધ નકલ પૂરી પાડવામાં આવી છે અને એવું જણાતું નથી કે તેમાં કોઈ અનિયમિતતા છે અથવા આરોપીને કોઈ હાનિ થઈ છે. આરોપીએ ૨૭–૧૨–૨૦૦૫ના રોજ ચાર્જશીટની નકલો પ્રાપ્ત કર્યા પછી ૦૩–૧૦–૨૦૧૨ સુધી મુદામાલ વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ની કોઈ નકલ માંગી નહોતી અને ગાંધીનગર સ્થિત ડી.એફ.એસ. દ્વારા સીલબંધી કરેલી નકલ આપવામાં આવ્યા પછી આંક ૫૬ પર આ અપીલ રજૂ કરી છે.

૮. અપીલકર્તાના વિદ્વાન વકીલ દ્વારા ઉલ્લેખિત નિર્ણયો તરફ વળતાં, **યુસુફઅલી (ઉપરોક્ત)** મામલામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જો નિવેદન સંબંધિત હોય અને તે નિવેદનનું ચોક્કસ ટેપ–રેકોર્ડ પણ હોય,

તો તે પણ સંબંધિત અને ગ્રાહ્ય બને છે, અને રેકોર્ડિંગનો સમય, સ્થળ અને તેની ચોકસાઈ પુરાવા રજૂ કરીને સાબિત કરવી આવશ્યક છે. બીજા શબ્દોમાં કહીએ તો, દસ્તાવેજ–કેસેટ અને રેકોર્ડ કરાયેલ નિવેદન તેની ચોકસાઈ વગેરે અંગે પુરાવાની કસોટી હેઠળ આવશે. **જાહિદ શેખ (ઉપરોક્ત)** મામલામાં સર્વોચ્ચ અદાલતે ન્યાયસંગત વિચારણાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે કલમ ૨૦૭ હેઠળ દસ્તાવેજોની પૂર્તિ કરવી માત્ર ઔપચારિકતા નથી. **મંજીત સિંહ (ઉપરોક્ત)** મામલામાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષે તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સામગ્રી પર આધાર રાખ્યો હતો અને એવું નહોતું કે તપાસ એજન્સીએ કેટલીક સામગ્રી/દસ્તાવેજો એકત્રિત કર્યા હતા જેને ફરિયાદ પક્ષે દબાવી રાખ્યા હોય. અદાલતે ઠરાવ્યું હતું કે ફરિયાદ અથવા તેની સામગ્રીની પૂર્તિ ન કરવાથી ન્યાયસંગત વિચારણાના સિદ્ધાંતનું ઉલ્લંઘન થયું નહોતું અને અરજદારને કોઈ અન્યાયકારક નુકસાન થયું નહોતું. **કાલિદાસ નાનજીભાઈ પરમાર (ઉપરોક્ત)** મામલામાં, આ અદાલતે ફરિયાદ પક્ષની ફરજ અંગે જણાવતાં ન્યાયસંગત વિચારણાના એ જ સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો. **શ્રીમતી જોગીન્દર કૌર (ઉપરોક્ત)** કેસમાં પંજાબ અને હરિયાણા વડી અદાલતનો નિર્ણય તેવા ટેપ–રેકોર્ડ કરાયેલા સંસ્કરણ સંબંધિત હતો જે પુરાવા રજૂ કરીને સાબિત કરવામાં આવ્યું ન હતું. **કે.એસ. મોહન (ઉપરોક્ત)** કેસમાં મદ્રાસ વડી અદાલતનો નિર્ણય ટેપ–રેકોર્ડ કરાયેલા નિવેદનની ગ્રાહ્યતા

મુદ્દે હતો. રેકોર્ડ કરાયેલા નિવેદનની ચોકસાઈ પુરાવાની પ્રક્રિયા દરમિયાન સાબિત કરવામાં આવી હતી અને ટેપ–રેકોર્ડ કરાયેલ નિવેદનને ગ્રાહ્ય રાખવામાં આવ્યું હતું.

૮.૧ તેથી અરજદારના વિદ્વાન વકીલે જે ચુકાદાઓ પર આધાર મૂક્યો છે તે તેમના પોતાના તથ્યોના આધારે યથાવત્ સાચા ઠરે છે, અને સાથે સાથે એવો સિદ્ધાંત પણ પ્રતિપાદિત કરે છે કે નિવેદનોની ટેપમાં નોંધાયેલી આવૃત્તિને તેની ચોકસાઈ સંબંધિત પાસાઓ તથા તેમાંથી ઉદ્ભવતા વિવાદગ્રસ્ત અન્ય તથ્યો અંગે પુરાવા રજુ કરવાની પ્રક્રિયા હેઠળ લાવવામાં આવશે અને તે નીચલી અદાલતમાં ચાલતા વિચારણ દરમ્યાન સાબિત કરવાના રહેશે.

૯. સી.બી.આઈ. તરફથી વિદ્વાન વકીલશ્રીએ કરેલી આ રજૂઆત કે અરજી અને વિનંતી પાછળથી ઉપજી આવેલ વિચાર હતી અને મોડેથી કરવામાં આવી હતી, તેને ઉડાડી દેવી શક્ય નહોતી. ઉપર નોંધાયેલ તારીખો મુજબ, ફરિયાદ પક્ષ દ્વારા ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું, આરોપી ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ અદાલત સમક્ષ હાજર થયો હતો અને તેને ઓડિયો કેસેટોના લિખિત ઉતારની નકલ સાથે ચાર્જશીટની સંપૂર્ણ નકલ આપવામાં આવી હતી. ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ આરોપ નિર્ધારિત

કરવામાં આવ્યો હતો, ફરિયાદ પક્ષના પુરાવાની શરૂઆત થઈ હતી અને સાક્ષી (આંક ૨૯) ની ૩૦મી જુલાઈ, ૨૦૧૨ના રોજ તપાસ કરવામાં આવી હતી; ત્યારબાદ ૦૩મી ઑક્ટોબર, ૨૦૧૨ના રોજ અરજદાર–આરોપીએ અરજી (આંક ૩૮) દાખલ કરીને મુદ્દામાલ વસ્તુ ક્રમાંક ૪, ૫ અને ૬ તરીકે રહેલી કેસેટોની નકલો માંગેલી હતી. ત્યારપછીની કાર્યવાહી દરમિયાન બનેલી ઘટનાઓ અને પસાર થયેલા આદેશોનો ઉપર અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી, ચાર્જશીટના કાગળોની પ્રાપ્તિની તારીખથી લઈને ફરિયાદ પક્ષના પુરાવાના તબક્કા સુધી પહોંચ્યા ત્યાં સુધી અરજદાર મૌન રહ્યો હતો. અરજી (આંક ૩૮) ફરિયાદ પક્ષના સાક્ષીના નિવેદનના લેખાંકન દરમિયાન કરવામાં આવી હતી. અરજી (આંક ૫૬) પણ તે છતાં દાખલ કરવામાં આવી હતી કે, એફ.એસ.એલ. મારફતે પ્રાપ્ત થયેલ કેસેટોના મુદ્દાસરવાળી કોમ્પેક્ટ ડિસ્કનું રૂપાંતરિત સ્વરૂપ આરોપીને પહેલેથી જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું અને તેણે તે સ્વીકાર્યું પણ હતું.

૧૦. પ્રકરણના તથ્યોમાં, આરોપીને કલમ ૨૦૭ હેઠળ દસ્તાવેજો મેળવવાનો અધિકાર કોઈ પણ રીતે ભંગ થયો નથી. દસ્તાવેજોની પૂર્તિના પ્રશ્નમાં આરોપી સાથે નિષ્પક્ષતા રાખવામાં આવી છે. કેસની નકલ સાથે જોડાયેલા ચાર્જશીટના તમામ કાગળો, જે કેસેટોમાં નોંધાયેલ સામગ્રીમાંથી સંબંધિત અંશ હતા, પૂરા પાડવામાં આવ્યા હતા. કેસેટોમાંથી મેળવીને કૉમ્પેક્ટ ડિસ્કના સ્વરૂપમાં સંપૂર્ણ

નોંધાયેલ સામગ્રી પણ પૂરી પાડવામાં આવી હતી. કેસેટો અદાલતે પ્રાપ્ત કરી, એફ.એસ.એલ.ને મોકલવામાં આવી અને રૂપાંતરિત કૉમ્પેક્ટ ડિસ્કો સાથે પાછી મેળવવામાં આવી, તે બધું જ સીલબંધ સ્થિતિમાં હતું અને તેથી તે છેડછાડરહિત પ્રક્રિયા હતી. નિષ્પક્ષ ધોરણો કોઈ પણ રીતે નકારવામાં આવ્યા નથી. મૂળ ઑડિયો કેસેટો ન પૂરાં પાડવાને કારણે આરોપીના નિષ્પક્ષ વિચારણાના અધિકારનું ઉલ્લંઘન થયું હતું એવી દલીલ કોઈ પણ રીતે ટકાઉ અથવા સ્વીકાર્ય નહોતી.

૧૦.૧ ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૭ હેઠળ આરોપીને દસ્તાવેજો મેળવવાનો અધિકાર છે કે નહીં તેની મૂળભૂત કસોટી એ છે કે તેના પ્રત્યે ન્યાયસંગત વર્તન કરવામાં આવે અને ન્યાયસંગત વિચારણાના માપદંડોનું પાલન કરવામાં આવે. કસોટી એ પૂર્વગ્રહની છે. જો ચાર્જશીટનો ભાગ બનેલા અને ફરિયાદ પક્ષ જે પર અવલંબન રાખવા ઇચ્છે છે એવા પોલીસ કાગળોમાંના કોઈપણ દસ્તાવેજની નકલ ન આપવાને કારણે આરોપીને પૂર્વગ્રહ થાય, તો ન્યાયસંગતતાનો માપદંડ ભંગ પામે. વિચારણાની અમાન્યતા સમગ્ર પરિપ્રેક્ષ્યને ધ્યાને લઈને આંકવાની રહે છે. હાલના કેસમાં આરોપીને કણમાત્ર પણ પૂર્વગ્રહ થયો નથી; વિપરીત રીતે, ચાર્જશીટ સાથે ઓડિયો કેસેટોમાંથી સંબંધિત પ્રતિલિપિ પહેલેથી જ આપવામાં આવી ચૂકી હોવાથી, ત્યારબાદ ઉપર મુજબ ઓડિયો કેસેટોની સમગ્ર સામગ્રી પણ આરોપીને પૂરી પાડવામાં આવી છે.

અરજદારને પૂર્વગ્રહ થતો હોવાનો જે તર્ક રજૂ થયો છે, તે નામંજૂર કરવામાં આવે છે.

૧૧. ઉપરોક્ત કારણો અને ચર્ચાના આધારે, વાદગ્રસ્ત હુકમ સર્વથા યોગ્ય અને કાયદેસર છે. તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર નથી. પરિણામે, હાલની રિવીઝન અરજી નામંજૂર કરવામાં આવે છે.

**(ન્યાયમૂર્તિ શ્રી એન.વી. અંજારિયા)**

અનુપ

*The translation of this judgment has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/

her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.